# સાન્યા કુંવારી છે તોય મિસીસ

સ્ક્રિનિંગ



અમુક અભિનેત્રીઓને કોઇ ચર્ચતું નથી. જો તેઓની ફિલ્મ રજૂ થાય તોય ચર્ચાની ગેરંટી નથી કારણ કે રજૂ તો થાય પણ સફળ ન થાય તો લોકો જાણે ય નહીં. હા, ચર્ચાસ્પદ ફિલ્મ હોય તો વાત જુદી અને પોતે ચર્ચાસ્પદ બનવાનું જાણતી હોય તો બરાબર બાકી ચૂપચાપ રીતે કામ કરતા જવાનું. સાન્યા મલ્હોત્રાએ પોતાની કારકિર્દી વિશે આ જ વલણ રાખ્યું છે. બસ, તે એટલું જાણે છે કે સારા વિષયવાળી ફિલ્મમાં સારાં પાત્ર મળે તો ભજવવાં. સાતમી ફેબ્રુઆરીએ તેની 'મિસીસ' નામની ફિલ્મ રજૂ થઇ રહી છે ને તે પણ ડાયરેક્ટ ઝીફાઇવ પર આ રીતે રજૂ થનારી ફિલ્મોની પ્રમોશન ટૂર થતી નથી એટલે કોઇને ખબર જ નથી પડતી. 'સૅમ બહાદુર'માં સીલુ માણેકશાની ભૂમિકા કરી ચૂકેલી. આ 'દંગલ' એક્ટ્રેસ અત્યાર સુધીમાં માત્ર આ 'દંગલ' અને 'જવાન', 'સૅમ બહાદુર'માં જ મોટા સ્ટાર્સ સાથે આવી એમ કહી શકો પણ સાન્યાને તેનો અફસોસ નથી. ઘુંઘરાળા વાળવાળી સાન્યા ગયા વર્ષે 'બેબી જહોન'માં સાવ અમથી આવી હતી પણ મિસીસ' ફિલ્મમાં તેની મુખ્ય ભૂમિકા છે. આ ફિલ્મ બે વર્ષથી બનીને તૈયાર હતી અને કેટલાંક આંતર રાષ્ટ્રીય ફિલ્મોત્સવોમાં દર્શાવાઈ ચૂકી છે. ન્યૂયોર્ક ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં તો સાન્યાને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ પણ મળી ચૂક્યો છે. આ ફિલ્મમાં તે એવી નૃત્ય શિક્ષિકા બની છે જે એક વેલ્થી ડોકટરને પરણે છે પણ લગ્ન પછી તેણે પત્ની વધારે બનવાનું આવે છે ને એકલું જીવવાનું શરૂ કરે છે. 'મિસીસ' ફિલ્મ આમ તો 'ધ ગ્રેટ ઈન્ડિયન

**સાન્યા મલ્હોત્રાએ પોતાની કારકિર્દી વિશે આ જ વલણ રાખ્યું છે. બસ, તે એટલું જાણે છે કે સારા વિષયવાળી ફિલ્મમાં સારાં પાત્ર મળે તો ભજવવાં. સાતમી ફેબ્રુઆરીએ તેની 'મિસીસ' નામની ફિલ્મ રજૂ થઇ રહી છે ને તે પણ ડાયરેક્ટ ઝીફાઇવ પર આ રીતે રજૂ થનારી ફિલ્મોની પ્રમોશન ટૂર થતી નથી એટલે કોઇને ખબર જ નથી પડતી**

કીચન' નામની 2021ની મલયાલમ ફિલ્મની રિમેક છે. સાન્યા તો ખુશ છે કે તેને ફરી એક સારી ભૂમિકા ભજવવા મળી. તે કહે છે કે અત્યાર સુધી અને આવાં દમદાર પાત્રો ભજવવા મળ્યાં છે અને મને મળતાં આવાં પાત્રોથી ખુશ છું. 'જવાન'માં પણ ડો. એરમનું પાત્ર સરસ જ હતું. 'સૅમ બહાદુર'માં સિલુ માણેકશાની ભૂમિકામાં મેઘના ગુલઝારે સરસ કામ લીધું હતું. મારા દરેક પાત્ર સમાજના જુદા જુદા વર્ગનું મજબૂત પ્રતિનિધિત્વ કરે છે. અત્યારે અનુરાગ કશ્યપની એક ફિલ્મમાં બોબી દેઓલ સાથે કામ કરવા ઉપરાંત કરણ જોહરની 'સની સંસ્કારી કી તુલસી કુમારી'માં તે કામ કરી રહી છે. 18મી એપ્રિલે આ ફિલ્મ રજૂ થવાની છે. સાન્યા કહે છે કે આ એક જુદી કહાણી ધરાવે છે ને તેમાં મનોરંજન અને વ્યંગનું મિશ્રણ છે. તેમાં વરુણ ધવન અને જહાન્વી કપૂર છે. આ બે ફિલ્મ ઉપરાંત કમલ હાસને લખેલી અને મણિ રત્નમ દિગ્દર્શિત 'ઠગ લાઈફ'માં તે કમલ હાસન, ત્રિશા ક્રિષ્નન વગેરે સાથે કામ કરી રહી છે. એ તમિલ ફિલ્મ છે. મણિરત્નમ અને કમલ હાસન સાથે કામ કરવાનું હોય તો ભાષા મહત્ત્વની નથી, કામ મહત્ત્વનું છે. સાન્યા કહે છે કે હું ભવિષ્યનું બહુ વિચારતી નથી કારણ કે દરેક ફિલ્મ અમારા માટે ભવિષ્ય બનીને આવે છે. 'મિસીસ' ફિલ્મ પણ ભવિષ્ય જ છે અને ઝી ફાઈવ પર રજૂ થવા છતાં પ્રેક્ષક મેળવી લેશે એવું તે માને છે. ●

# દેવા ઓ દેવા પ્રભુ દેવા

ડ્રેસ સર્કલ



પ્રભુ દેવા આમ તો સારો ડાન્સર છે. ડાન્સર છે એટલે અભિનેતા છે પણ ડાન્સ કરતાં અભિનેતાને ડાન્સ કરવા જેટલી જ ભૂમિકા મળે એટલે તે દિગ્દર્શક પણ છે અને તો તમે તેને કયા નામે યા કામે ઓળખશો તે મુશ્કેલ છે. પ્રભુ દેવા ક્યારેય હિન્દી ફિલ્મો પૂરતો મર્યાદિત પણ નથી રહ્યો. પણ તેણે સલમાનખાનની 'વોન્ટેડ', સંજયલીલા ભણશાલી માટે 'રાઉડી રાઠોડ' અને ફરી સલમાનની 'દબંગ-3' સહિત કેટલીક ફિલ્મોનું દિગ્દર્શન કર્યું અને પોતાને પુરવાર કરી દીધો છે. સલમાને છેલ્લે કોઇ દિગ્દર્શક પર વિશ્વાસ કર્યો હોય તો તે પ્રભુ દેવા જ છે કારણ કે છેલ્લે જે 'રાધે'આવી હતી તેનું દિગ્દર્શન પણ પ્રભુ દેવાનું જ છે. પ્રભુ દેવાએ દિગ્દર્શિત કરેલી ફિલ્મોની સંખ્યા કુલ 16 છે. કોરિયોગ્રાફી કરતાં કરતાં તે ડાન્સર, અભિનેતા, દિગ્દર્શકની ઓળખ પામ્યો છે. પ્રભુ દેવા શરૂઆતમાં 'કાધલન' ફિલ્મથી ઓળખાયો અને તે એસ. શંકરની એક રોમેન્ટિક થ્રીલર હતી. પ્રભુ દેવા તેમાં હીરો હતો અને હિન્દીમાં નિષ્ફળગયેલી નગ્માની તમિલમાં પહેલી જ ફિલ્મ હતી. એ. આર. રહેમાનના સંગીતને કારણે એ ફિલ્મે જબરદસ્ત સફળતા મેળવેલી. એ ફિલ્મ હિન્દીમાં 'હમ સે હે મુકાબલા' તરીકે રજૂ થઇ ત્યારે ઉર્વશી ઉર્વશી ગીત અને તેના પ્રભુ દેવાને ખ્યાતિ મળી ગયેલી. પછી 'ઉર્વશી' નામે ફિલ્મ બની ત્યારે 'મુકાબલા મુકાબલા'ગીતે ફરી ધમાલ મચાવેલી. સાઉથમાં ગમે તે અભિનેતા, ગમે તે ભૂમિકામાં સફળ થાય છે. પ્રભુ દેવાને ત્યાર પછી ત્યાં અનેક ફિલ્મો મળી. તેણે ઘણાનું દિગ્દર્શન પણ કર્યું. પ્રભુ દેવાને જોઈને જ હિન્દી ફિલ્મના ઘણાં કોરિયોગ્રાફર દિગ્દર્શક થયા છે એમ કહી શકો. ફરાહખાન કોરિયોગ્રાફર હતી, 'એબીસીડી' ફિલ્મનો દિગ્દર્શક રેમો ડિસોઝા પણ કોરિયોગ્રાફર હતો. 'બાગી શ્રેણીની ફિલ્મોનો દિગ્દર્શક અહેમદખાન પણ કોરિયોગ્રાફર હતો. મૈસુરમાં જન્મેલો પ્રભુ દેવાના પિતા મુગુર સુંદર દક્ષિણની ફિલ્મોનાં કોરિયોગ્રાફર હતા અને પ્રભુ દેવાએ પણ ગીતોમાં એક નૃત્ય કરનાર તરીકે જ શરૂઆત કરેલી અને કમલ હાસનને પ્રથમ વાર 'વેટ્રી વિઝા'માં કોરિયોગ્રાફ કરેલો અને પછી તો 100 થી વધુ ફિલ્મોમાં કોરિયોગ્રાફી કરી છે. એ. આર. રહેમાનનો સંગીતકાર તરીકે ઉદય થયો તેની સાથે જ પ્રભુ દેવાનો ઉદય થયો તે એક મોટા સંજોગોની વાત હતી. 'ઈન્દુ' નામની ફિલ્મમાં તેણે પ્રથમ વાર મુખ્ય ભૂમિકા ભજવી પછી તે અટકયો જ નથી. 'મિન્સરા કાનાવુ'માં કાજોલ, અરવિંદ ને પ્રભુ દેવા હતા. કાજોલની એ પહેલી જ તમિલ ફિલ્મ હતી. એ ફિલ્મને ચાર નેશનલ એવોર્ડ મળેલા અને તેમાં કોરિયોગ્રાફી માટેનો એવોર્ડ પ્રભુ લઇ ગયેલો. પ્રભુ શરૂમાં તેની ડબ્ડ ફિલ્મોથી હિન્દીમાં જાણીતો થયો ને પછી 'અગ્નિવર્ષા' 'સ્ટાઈલ' 'એબીસીડી'અને 'એબીસીડી-2', 'સ્ટ્રીટ ડાન્સર 3ડી' વગેરે ફિલ્મોમાં તેણે ડાન્સવાળી ભૂમિકા કરી. હમણાં 'બડાસ' રવિકુમાર'માં પણ તે કાર્લોસ પેડ્રો પાન્થર તરીકે ડાન્સ કરશે અને ગણેશ આચાર્ય તેનો કોરિયોગ્રાફર છે. પ્રભુ દેવાને બીજા કોરિયોગ્રાફર ખૂબ પસંદ કરે છે તે તેની જીત ગણાય. પ્રભુ દેવાએ વ્યસ્ત કારકિર્દી વચ્ચે કુટુંબ માંડ્યું. ●

**"મૈસુરમાં જન્મેલો પ્રભુ દેવાના પિતા મુગુર સુંદર દક્ષિણની ફિલ્મોનાં કોરિયોગ્રાફર હતા અને પ્રભુ દેવાએ પણ ગીતોમાં એક નૃત્ય કરનાર તરીકે જ શરૂઆત કરેલી અને કમલ હાસનને પ્રથમ વાર 'વેટ્રી વિઝા'માં કોરિયોગ્રાફ કરેલો અને પછી તો 100 થી વધુ ફિલ્મોમાં કોરિયોગ્રાફી કરી છે"**

# યોગી બાબાએ અભિનયથી કરી મર્યાદા પાર


ટોટલી સાઉથ



સાઉથનાં સ્ટાર્સને હિન્દી ફિલ્મોમાં આવતા રોકી શકાય તેમ નથી અને 'લવયાપા'માં યોગી બાબુ એન્ટ્રી લઇ રહ્યા છે, એ હજુ 40 વર્ષનો પણ નથી. અને અઢીસોથી વધુ ફિલ્મોમાં કામ કરી ચુક્યો છે. આમ છે ખાસ્સો જાડો અને ચહેરો ય સાવ મધ્યવર્ગીય દક્ષિણ ભારતીય પ્રકારનો છે. વાળ પણ ઘુંઘરાવા છે અને છતાં કહેવું જોઈએ કે તે ખૂબ ડિમાડમાં છે. અત્યારે જ તેની પાસે 50 થી વધુ ફિલ્મો છે, જેના શૂટિંગ માટે તે દોડતો રહે છે. તેની ઓળખ કોમેડિયનની છે અને કેટલાંક ખાસ એવોર્ડ જીતીને બેઠો છે. 'લવ યાપા' જે ફિલ્મની રિમેક છે તે 'લવ ટુડે'નાં ડૉ. યોગી તરીકેનાં પાત્ર માટે પણ તેને એવોર્ડ મળ્યો છે. યોગી બાબુના પિતા ભારતીય લશ્કરમાં હવાલદાર હતા અને તે કારણે યોગી જમ્મુમાં રહીને ભણ્યો છે તેણે 'લોલ્લુ સભા'નામની ફિલ્મમાં સહાયક દિગ્દર્શક તરીકે કોમેડી દૃશ્યો લખવાથી શરૂઆત કરેલી અને 'યોગી' નામની ફિલ્મથી જ અભિનયની શરૂઆત કરેલી 'પટ્ટાથું યાનાઈ' તેણે જે કોમેડી કરી તે ખૂબ ચાલી. એ વખતે તેણે જે કોમેડી કરી તે ખૂબ ચાલી. એ વખતે તેણે શાહરૂખ ખાન-દિપીકા પાદુકોણ અભિનીત 'ચેન્નઇ એક્સપ્રેસ'માં શ્રીલંકન સ્મગલરની ભૂમિકા પણ કરેલી. યોગી બાબુ અત્યારે સાઉથની ફિલ્મોનો અત્યંત લોકપ્રિય કોમેડી-અભિનેતા છે. પરંતુ તે જૂદા પ્રકારની ભૂમિકાઓ પણ કરે છે. વિજય સેતુપથી સાથેની 'આનંદવન કટ્ટ લઈ'ની તેની ભૂમિકાને ખૂબ જ પ્રશંસા મળેલી. એ 'ધર્મપ્રભુ' નામની ફિલ્મમાં તો મુખ્ય ભૂમિકામાં હતો. એ જ રીતે 'ગુરખા'નામની ફિલ્મમાં પણ તેની મુખ્ય ભૂમિકા હતી. ચાર વર્ષ પહેલાં 'મંડેલા' નામની ફિલ્મમાં તેણે નેલ્સન મંડેલાની મુખ્ય ભૂમિકા ભજવેલી. હમણાં તે મુખ્ય ભૂમિકામાં જ ત્યાં જામે તો છે. જો કે તમે તેને પરદા પર જોશો તો જરૂર વિચારશો કે આટલો જાડો કદરૂપો પણ કહી શકો તેવો અને શ્યામ વર્ગનો અભિનેતા હીરો તરીકે કઇ રીતે ચાલે? પણ યોગી બાબુએ પોતાની અભિનય વડે મેળવેલી લોકપ્રિયતાથી આ કહેવાતી મર્યાદાને પાર કરી છે. 'લવયાપા'માં તે શું કમાલ કરે તે જોવાનું જરૂર મન થાય, બાકી તેને સાઉથની ફિલ્મોથી ફૂરસદ નથી. ત્યાંના ઘણા કલાકારો હિન્દીમાં કામ કરવા હવે સતત ઉત્સુક રહે છે અને તેમાં યોગી બાબુ પણ છે. ●

# બોમન ઈરાની હવે દિગ્દર્શક પણ...

એક્ટર્સ લાઈફ



**"બોમન ઇરાનીની પહેલી ફિલ્મ જોતાં લાગે છે કે તે સાવ મનોરંજક ફિલ્મ બનાવવા માંગતો નથી. તે કોઇક અર્થપૂર્ણ અને સંવેદના જગાવે એવી ફિલ્મ બનાવશે. તેણે હજુ કોઇ બીજી ફિલ્મના નિર્માણ કે દિગ્દર્શનની વાત નથી કરી પણ તેના દીકરા કાયોઝ ઇરાનીના દિગ્દર્શનમાં 'અજીબ દાસ્તાન' ફિલ્મ આવી છે અને 'સરજમીન' નામની ફિલ્મ આવશે**

બોમન ઈરાની મોડા મોડા અભિનય ક્ષેત્રે આવ્યા પણ શરૂમાં જ તેમની પ્રતિભાનો પરચો થયો એટલે આવ્યા પછી ટોપના ચરિત્ર અભિનેતા તરીકે જામી પડેલા. સમજો કે તેમની કારકિર્દી અમરીશ પુરી જેવી રહી કે જેઓ પણ ફિલ્મોમાં મોડા જ આવેલા પણ પછી વર્ચસ્વ સાથે જ રહ્યા. બોમન જો કે અભિનેતા તરીકેની પ્રતિષ્ઠામાં હવે નિર્માતા-દિગ્દર્શક અને લેખક તરીકે ઉમેરણ કરી રહ્યા છે. તેમણે બનાવેલી 'ધ મહેતા બોયઝ' ફિલ્મ પ્રાઈમ વિડીયો પર સ્ટ્રિમીંગ થવા આવી છે. બોમનની આ ફિલ્મ 2024નાં શિકાગો સાઉથ એશીયન ફિલ્મોત્સવમાં શ્રેષ્ઠ કથા ફિલ્મનું સન્માન પણ પામી ચુકી છે. બોમનના અભિનયનાં પણ ઘણા વખાણ થયા છે. બોમન આ ફિલ્મ 'બર્ડમેન' જેવી ઓસ્કાર એવોર્ડ વિજેતા ફિલ્મના લેખક અલેકઝાંડર ડાયનેલરીસ સાથે મળીને લખી છે. જેમાં પિતા પુત્ર સંબંધની વાત છે. પુત્ર તેના વૃદ્ધ થવા આવેલા પિતાને 48 કલાક માટે પોતાના ઘરે લાવે છે અને આ દરમ્યાન બન્ને વચ્ચે જે એક સંઘર્ષ ઊભો થાય છે, ને એકમેકને ઓળખવાનું બને છે, તેની વાર્તા છે. બોમન ઈરાની પિતાની ભૂમિકામાં છે ને તેની સામે પુત્ર તરીકે અવિનાશ તિવારી છે. હમણાં પિતા-પુત્ર સંબંધની ફિલ્મ તરીકે 'વનવાસ' પણ આવી હતી. ત્રણેક વર્ષ પહેલાં પરેશ રાવલ અભિનીત 'ડિયર ફાધર' ફિલ્મ પણ આવી હતી. લાગે છે કે હવે નવા સામાજિક સમયમાં પિતા પુત્ર સંબંધને સમજવાનાં પ્રયત્નો શરૂ થયા છે. બોમન અભિનેતા તરીકે હમણાં 'બંદા યે બિંદાસ હૈ', 'ડૉ. અબ્દુલ કલામ', 'ડિટેક્ટિવ શેર દિલ', 'આવારા પાગલ દીવાના-2' અને અનુરાગ બસુ દિગ્દર્શીત રણબીર કપૂર સાથેની ફિલ્મોમાં તો કામ કરે જ છે. પણ હમણાં તેની ફિલ્મોની સંખ્યા ઓછી થયાનું જરૂર જણાશે. 2023માં તેની 'ડંકી' આવેલી. 2024નું વર્ષ ખાલી ગયું અને હવે 'ધ મહેતા બોયઝ' આવી છે. બોમન હંમેશા સારા વિષયવાળી ફિલ્મોની શોધમાં રહે છે અને વ્યવસાય ખાતર ગમે તેવી ફિલ્મો સ્વીકારી લેતા નથી. તેમના આ આગ્રહોને કારણે જ તે ચરિત્ર અભિનેતાઓમાં પ્રથમ ક્રમે છે. બોમને પોતાનો એક પ્રેક્ષક વર્ગ ઊભો કર્યો છે અને અનુપમ ખેર, પરેશ રાવલ જેવું તેનું સ્થાન છે, જે વૈવિધ્યવાળા પાત્રોમાં દેખાતા હોય. બોમનની પહેલી ફિલ્મ જોતાં લાગે છે કે તે સાવ મનોરંજક ફિલ્મ બનાવવા માંગતો નથી. તે કોઈક અર્થપૂર્ણ અને સંવેદના જગાવે એવી ફિલ્મ બનાવશે. તેણે હજુ કોઈ બીજી ફિલ્મના નિર્માણ કે દિગ્દર્શનની વાત નથી કરી પણ તેના દીકરા કાયોઝ ઈરાનીના દિગ્દર્શનમાં 'અજીબ દાસ્તાન' ફિલ્મ આવી છે અને 'સરજમીન' નામની ફિલ્મ આવશે. બોમન તેમના પુત્રની ફિલ્મમાં કામ કરતા હજુ દેખાયા નથી. લાગે છે કે પિતા તરીકે તેઓ પુત્રને પોતાની રીતે આગળ વધવા દેવામાં માને છે. 'બેટા તું તારી રીતે આગળ વધ, હું મારી રીતે વધુ છું.' ●